PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/કવા–૦૪/૧૬–૧૭/ ૮૬૪ તા. ૩૦/૦૯/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રાકેશ પ્રવિણભાઈ પટેલ,
C/O, બાલાજી ટીમ્બર માર્ટ,
રાજશ્રી ની સામે
ગોંડલ રોડ,
અટીકા ફાટક
રાજકોટ
મો: ૯૯૨૫૦ ૦૧૨૬૬, ૯૯૯૮૦૩૫૩૫૪

**વિષય :–ઓર્દ્યોગીક જોડાણ મા નામ બદલી બાબત**
**સંદર્ભઃ– આપની અરજી , તા. ૧૦–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૫/કવા–૦૪/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2 )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉર્દ્યોગનગર પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 02 [B]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૫/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૭–૦૧–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: રાકેશ પ્રવિણભાઈ પટેલ,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ઉર્ધોગનગર પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

રજુઆત કરનાર :કે.ડી.વાઘેલા (ડી.ઈ.ટેક–૨), નાયબ ઈજનેર (ટેક), શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ

## : હુકમ :

## ફરીયાદ : ઓર્ધોગીક જોડાણ મા નામ બદલી બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એઓર્ધોગીક વીજજોડાણ નં.:૩૧૫૦૧/૫૧૭૨૭/૯ વાળા જોડાણ વાળી જગ્યા, જે જુના ગ્રાહક પાસેથી ખરીદેલ છે. જેથી, સદર વીજજોડાણ મા, જુના ગ્રાહક ના નામ પરથી નવા ગ્રાહક – એટલેકે શ્રી '' શ્રી મણીલાલ દેવજીભાઈ પટેલ ના નામ પરથી – શ્રી રાકેશભાઈ પ્રવિણભાઈ પટેલ ના નામ પર'' નામ બદલી મેળવવા માટે ની, પીજીવીસીએલ ની ઉર્ધોગનગર પેટા વિભાગીય કચેરી મા, તા.૨૨–૧૨–૧૬ ના રોજ, નિયત અરજી ફોર્મ સાથે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ જોડીને, નામ બદલી ની અરજી આપેલ હોવા છતા, સદર અરજી નો નોધણીચાર્જ આજદિન સુધી વસુલ કરી, અને નામ બદલી ની નોધણી કરાયેલ ન હોવાના કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની, તેઓ શ્રી ની હાલ ની માલીકી / ઉપભોકતા વાળા સ્થળ પર આવેલ હૈયાત એવા ઓર્ધોગીક વીજજોડાણ નં.:૩૧૫૦૧/૫૧૭૨૭/૯ મા, ''શ્રી મણીલાલ દેવજીભાઈ પટેલ ના નામ પરથી – શ્રી રાકેશભાઈ પ્રવિણભાઈ પટેલ ના નામ પર'' નામ બદલી મેળવવા માટે ની, અરજદાર શ્રી ની પીજીવીસીએલ ની ઉર્ધોગનગર પેટા વિભાગીય કચેરી મા, તા.૨૨–૧૨–૧૬ ના રોજ, નિયત અરજી ફોર્મ સાથે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ જોડીને રજુ કરાયેલ એવી નામ બદલી ની અરજી સમયે, જે તે સમયે સદર જોડાણ ના બીલીંગ ખાતામા '' કરારીત વીજભાર બાબતે ની વિસંગતતા'' જણાયેલ હતી. આવા કારણોસર, જે તે સમયે તુરંત જ, સદર અરજી નો નોધણીચાર્જ વસુલ કરી અને નામ બદલી ની અરજી ની નોધણી સબંધક કચેરી તરફથી કરાયેલ ન હતી. હાલ, '' ઈ–ઉર્જા હેઠળ ની બીલીગ પ્રણાલી મા રહેલ સદર વિસંગતતા '', જે સક્ષમ કચેરી ની મંજુરી મેળવી અને વિસંગતતા દુર કરી અને તા.૧૨–૦૧–૧૭ ના રોજ, સદર નામ બદલી ની અરજી ની, નિયત નોધણીચાર્જ રૂ.૪૦૦/– અરજદાર શ્રી પાસેથી વસુલી, અને સદર અરજી ની નોધણી ની પ્રક્રીયા, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ, તેમજ તેઓ શ્રી ના તા.૧૨–૦૧–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે ની નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત ની તમામ કાર્યવાહી પૂર્ણ કરી, અને તા.૧૨–૦૧–૧૭ ના રોજ, અરજદાર શ્રી ની સદર નામ બદલી ની અરજી ની વિધીસર ની નોંધણી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ, તેમજ તેઓ શ્રી ના તા.૧૨–૦૧–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી, અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના તા.૧૨–૦૧–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, **સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ** કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.